©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXVII ] THURSDAY, MARCH 19, 2026 / PHALGUNA 28, 1947 [ No. 12**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IV-B

**Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by the Government of Gujarat under the Gujarat Acts.**

**કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ**

**જાહેરનામું**

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી માર્ચ, ૨૦૨૬

**નં.જીએચકેએચ-૬-૨૦૨૬-નસબ-૧૧-૨૦૧૪-૧૫૩૬-ચ (No: ACD/PUR/e-file/2/2023/0810/CH):-** ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ મળેલ સત્તા અન્વયે રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા.૨૯/૧૨/૨૦૦૭ના હુકમ ક્રમાંક: નસબ/૦૧/ઝ-૪/૩૫૧૧/૦૭ થી ધી તલોદ જનતા સહકારી બેંક લી., મુ. તલોદ, જિ. સાબરકાંઠાને ફડચામાં લઈ જવામાં આવેલ. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪(૧)ની જોગવાઈ મુજબ ફડચાના હુકમથી ત્રણ વર્ષમાં ફડચાની કાર્યવાહી આટોપી લેવાની રહે છે. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪(૧) હેઠળ મળેલ સત્તા અન્વયે સદરહુ સંસ્થાની ફડચાની મુદત રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના વખતોવખતના હુકમથી તા.૨૮/૧૨/૨૦૧૪ સુધી વધારવામાં આવેલ હતી. પરંતુ સદરહુ મુદત વધારા દરમ્યાન ફડચાની કાર્યવાહી આટોપી શકાયેલ નથી. ત્યારબાદ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૬૧ મળેલ સત્તા અન્વયે કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના વખતોવખતના જાહેરનામાથી તા.૨૮/૧૨/૨૦૨૪ સુધી કલમ-૧૬૧ હેઠળ મુક્તિ આપવામાં આવેલ હતી. છેલ્લે વિભાગના તા.૧૦/૧/૨૦૨૫ના જાહેરનામાથી તા.૨૮/૧૨/૨૦૨૫ સુધી ગુજરાત રાજ્ય સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪(૧)ની હેઠળ મુદત વધારો આપેલ હતો. પરંતુ સદરહુ સમયગાળા દરમ્યાન ફડચાની કાર્યવાહી આટોપી શકાયેલ નથી.

ધી તલોદ જનતા સહકારી બેંક લી., મુ. તલોદ, જિ. સાબરકાંઠાને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪(૧)ની જોગવાઈ હેઠળ તા.૨૯/૧૨/૨૦૨૫ થી તા.૨૮/૧૨/૨૦૨૭ સુધી સમયસર કામગીરી પૂર્ણ કરવા મુદત વધારો આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**કુલદીપસિંહ મકવાણા,**

સરકારના ઉપસચિવ(ધિરાણ).

----------

**કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ**

**જાહેરનામું**

સચિવાલય, ગાંધીનગર, ૩જી માર્ચ, ૨૦૨૬

**ક્રમાંક:- GHKH/36/2026/ ACD/AMR/e-file/2/2024/0864/KH:** ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૬૧ થી પ્રાપ્ત થયેલ સત્તાધિકારની રૂએ, આથી શ્રી નર્મદા ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લી. મુ. ધારીખેડા, તા. નાંદોદ, જિ. નર્મદાને આ અધિનિયમની જોગવાઈના અમલમાંથી તા.૦૪/૦૩/૨૦૨૬ થી તા.૦૩/૦૩/૨૦૨૭ સુધી અથવા નવી વ્યવસ્થાપક કમિટીની ચૂંટણી થાય ત્યાં સુધી અથવા અન્ય હુકમ થાય ત્યાં સુધી, એ પૈકી જે વહેલું હોય ત્યાં સુધી કસ્ટોડીયન કમિટીની મુદત લંબાવી આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**એન. બી. જાદવ,**

સરકારના ઉપસચિવ.

----------

સી.આઈ.ડી. ક્રાઈમ અમદાવાદ ઝૉન પોલીસ સ્ટેશન ખાતે ફ.ગુ.ર.નં.૧૧૨૦૧૦૦૨૨૪૦૦૪૯/૨૦૨૪ થી દાખલ થયેલ ગુનાનાં કામે ગુજરાત પ્રોટેકશન ઓફ ઈન્ટરેસ્ટ ઓફ ડીપોઝીટર્સ (ઇન ફાઇનાન્સીયલ એસ્ટાબ્લીશમેન્ટ) એક્ટ, ૨૦૦૩ હેઠળ આરોપીઓની મિલકત ટાંચમાં લેવા બાબત.

**ગૃહ વિભાગ**

**હુકમ**

સચિવાલય, ગાંધીનગર, ૯મી માર્ચ, ૨૦૨૬

**ક્રમાંક : GHG/28/2026/SB.II/GNH/102026/GPID-04:** પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઈ.ડી. ક્રાઈમ અને રેલવેઝ, ગુજરાત રાજ્યનાં તા.૦૪/૦૨/૨૦૨૬ના પત્ર ક્રમાંક : સી.આઈ.ડી./EOW & FC/SIMU-1/૯૯/૨૦૨૬ થી સી.આઈ.ડી. ક્રાઈમ અમદાવાદ ઝૉન પોલીસ સ્ટેશન ખાતે ફ.ગુ.ર.નં.૧૧૨૦૧૦૦૨૨૪૦૦૪૯/૨૦૨૪ થી ઇ.પી.કો. કલમ- ૪૨૦, ૧૨૦(બી), ધી ગુજરાત પ્રોટેકશન ઓફ ઈન્ટરેસ્ટ ઓફ ડીપોઝીટર્સ (ઇન ફાઇનાન્સીયલ એસ્ટાબ્લીશમેન્ટ) એક્ટ, ૨૦૦૩ની કલમ-૩ તથા ધી પ્રાઇઝ ચીટ મની સર્ક્યુલેશન સ્કીમ (બેનીંગ) એક્ટ, ૧૯૭૮ની-૪, ૫, ૬ તથા ધી બેનીંગ ઓફ અનરેગુલેટેડ ડિપોઝીટ સ્કીમ એક્ટ-૨૦૧૯ ની કલમ-૨૧(૧)(૨)(૩), ૨૩, ૨૫(૧), ૨૫(૩) (A)(B) હેઠળ તા.૨૭/૦૯/૨૦૨૪ના રોજ નોંધાયેલ ગુનાના કામે ગુજરાત પ્રોટેકશન ઓફ ઈન્ટરેસ્ટ ઓફ ડીપોઝીટર્સ (ઇન ફાઇનાન્સીયલ એસ્ટાબ્લીશમેન્ટ) એક્ટ, ૨૦૦૩ હેઠળ આરોપીઓની મિલકતો ટાંચમાં લેવા બાબતે હુકમ કરવા વિનંતી કરેલ છે.

૨. ફરિયાદી શ્રી મનુભા માનસંગ સોલંકી દ્વારા કરવામાં આવેલ ફરિયાદના પગલે સી.આઈ.ડી. ક્રાઈમ અમદાવાદ ઝૉન પોલીસ સ્ટેશન ખાતે ફ.ગુ.ર.નં.૧૧૨૦૧૦૦૨૨૪૦૦૪૯/૨૦૨૪ થી ઇ.પી.કો. કલમ- ૪૨૦, ૧૨૦(બી), ધી ગુજરાત પ્રોટેકશન ઓફ ઈન્ટરેસ્ટ ઓફ ડીપોઝીટર્સ (ઇન ફાઇનાન્સીયલ એસ્ટાબ્લીશમેન્ટ) એક્ટ૨૦૦૩ની કલમ-૩ તથા ધી પ્રાઇઝ ચીટ મની સર્ક્યુલેશન સ્કીમ (બેનીંગ) એક્ટ, ૧૯૭૮ની-૪,૫,૬ તથા ધી બેનીંગ ઓફ અનરેગુલેટેડ ડિપોઝીટ સ્કીમ એક્ટ-૨૦૧૯ ની કલમ-૨૧(૧)(૨)(૩), ૨૩, ૨૫(૧), ૨૫(૩) (A)(B) હેઠળ આરોપી (૧) કંપની પ્રસિધ્ધ નિર્માણ મલ્ટીસ્ટેટ ગૃહ હાઉસિંગ કો.ઓપરેટીવ ક્રેડિટ સોસાયટી, (૨)આરોપી રમણભાઈ કરશનભાઈ નાયી, રહે- ૬૩, સુરજપાર્ક સોસા., ઓકશન રોડ, પાલનપુર, જિ.બનાસકાંઠા (૩) મોતીસંગ માનસંગ દરબાર,રહે-એંદલા, તા. બેચરાજી, જિ. મહેસાણા (૪) ગીતાબેન હર્ષદભાઈ જાની, રહે-ખાંબલિયા, રબારી વાસ, ગામ-વિઠ્ઠલાપુર, તા.માંડલા, જિ.અમદાવાદ. વિરૂધ્ધ તા.૨૭/૦૯/૨૦૨૪ ના રોજ ગુનો નોંધાયેલ છે.

૩. આ ગુનાના આરોપીઓએ ભેગા મળી અન્ય એજન્ટો દ્વારા તેઓની પ્રસિધ્ધ નિર્માણ મલ્ટીસ્ટેટ ગૃહ હાઉસિંગ કો.ઓપરેટીવ ક્રેડિટ સોસાયટીમાં સાત વર્ષમાં નાણા ડબલ કરી આપવાની લોભામણી સ્કીમો રોકાણકારોને સમજાવી-લલચાવી કુલ રૂ.૨,૪૨,૫૭,૪૦૦/- રૂપિયાનું રોકાણ કરાવી પાકતી મુદતે વ્યાજ સહિત કુલ રૂ.૨,૦૦,૫૪,૯૦૦/- પરત કરવામાં આવેલ નથી. ગુનાની તપાસ કરનાર અધિકારીશ્રીની તપાસ દરમ્યાન જણાયેલ છે કે, હાલ સુધીની તપાસ દરમ્યાન કુલ-૧૯૬ ભોગ બનનાર/સાહેદો/રોકાણકારોને કુલ રૂ.૨,૦૦,૫૪,૯૦૦/- નું રોકાણ કરાવી રૂપિયા પરત નહી આપી વિશ્વાસઘાત, છેતરપીંડી કરી ગુનાહિત કૃત્ય આચરેલ છે.

૪. રજૂ થયેલ દરખાસ્તમાં આરોપીઓએ ગેરકાયદેસર રીતે નાણા મેળવી તેમાંથી દરખાસ્તમાં જણાવેલ મિલ્કત ખરીદ કરેલ હોવાનું જણાવેલ છે. નિર્દીષ્ટ મિલ્કતોની દસ્તાવેજ મુજબની કિંમત કુલ રૂ. ૩૯,૫૦,૦૦૦/- થાય છે. મિલ્કતની હાલની અંદાજિત બજાર કિંમત રૂ. ૧,૯૦,૦૦,૦૦૦/-થાય છે. જ્યારે, કુલ-૧૯૬ સાહેદોએ રોકેલ રકમ રૂ.૨,૦૦,૫૪,૯૦૦/- ની છે.જે રકમ આરોપીઓએ પરત ચૂકવેલ

નથી. ઉપર્યુક્ત કૉષ્ટકના સવાલવાળી મિલ્કત-નં.૧ આ કામના આરોપીના પત્નીના નામે નોંધાયેલ છે. દરખાસ્ત સાથેના સાધનિક કાગળો તથા નિવેદનો જોતાં જણાઇ આવેલ છે કે, જે કંપનીના ચીફ પ્રમોટર/ડિરેક્ટર હોવાનું જણાય છે. આ તમામ બાબતો પરથી સ્પષ્ટ થાય છે કે, સવાલવાળી મિલ્કત આરોપીઓ દ્વારા તેઓની ગુનાહિત પ્રવૃત્તિઓ મારફતે એકત્રિત કરવામાં આવેલ નાણાંમાંથી ખરીદેલ છે.

૫. આથી, જાહેર હિતને ધ્યાને લેતા તથા છેતરપિંડીના બનાવો બનતા અટકે તથા રોકાણ- કર્તાઓને પોતાના નાણાં પરત મળે તે હેતુથી ધી ગુજરાત પ્રોટેકશન ઓફ ઇન્ટરેસ્ટ ઓફ ડીપોઝીટર્સ (ઇન ફાઇનાન્સીયલ એસ્ટાબ્લીશમેન્ટ) એક્ટ, ૨૦૦૩ની કલમ-૪(૧) હેઠળ આરોપીઓની નીચે કોષ્ટક (એનેક્ષર-A) મા દર્શાવ્યા મુજબની મિલકતો ટાંચમાં લેવા હુકમ કરવા જરૂરી છે.

૬. આથી, સી.આઈ.ડી. ક્રાઈમ અમદાવાદ ઝૉન પોલીસ સ્ટેશન ખાતે ફ.ગુ.ર.નં.૧૧૨૦૧૦૦૨૨૪૦૦૪૯/૨૦૨૪ થી દાખલ થયેલ ગુનાનાં કામે ધી ગુજરાત પ્રોટેકશન ઓફ ઇન્ટરેસ્ટ ઓફ ડીપોઝીટર્સ (ઇન ફાઇનાન્સીયલ એસ્ટાબ્લીશમેન્ટ) એક્ટ, ૨૦૦૩ની કલમ-૪(૧) મુજબ આરોપીઓની નીચે કોષ્ટક (એનેક્ષર-A) મા દર્શાવ્યા મુજબની પ્રોપર્ટી ટાંચમાં લેવા તથા પ્રાંત અધિકારીશ્રી, મહેસાણાને “કોમ્પીટન્ટ ઓથોરીટી” તરીકે “ડેઝીગ્નેટેડ કોર્ટ”ના આખરી હુકમ સુધી પ્રોપર્ટી તેઓના હસ્તક રાખવા આથી હુકમ કરવામાં આવે છે.

**એનેક્ષર-A**

| અ. નં. | મિલકતનું વર્ણન | મિલ્કત ટાંચમાં લેવાની થાય તે વ્યક્તિ/સંસ્થા/પેઢીનું નામ | ખરીદી મુજબ કિંમત | હાલની માર્કેટ ખરીદી મુજબ અંદજે કિંમત | મિલ્કતના હાલના કબજેદારનું નામ | રીમાકર્સ |
|---|---|---|---|---|---|---|
| ૧ | તાલુકા પાલનપુર કસ્બે પાલનપુર સીમમાં મ્યુ.ની હદમાં આવેલ રે.સર્વે નં.૭૭૦/૨ પૈકી ૩-૦૦ ગુંઠા= ૧૨૧૪૪-૯૮ ની રહેણાંક હેતુ માટે બિનખેતી થયેલ જમીનમાં પાડવામાં આવેલ પ્લોટો પૈકી પ્લોટ નં.૬૧/પૈકી (બી) તથા પ્લોટ નં.૬૨/પૈકી (બી) (જેની ઉપર હાલમાં મકાનનું બાંધકામ થયેલ છે.) મિલ્કતનું ક્ષેત્રફળ : પ્લોટ નં.૬૧/પૈકી (બી) ચો.મી. ૩૧-૨૧ તથા પ્લોટ નં.૬૨/પૈકી (બી) ચો.મી.૬૨-૬૪ મળી કુલ-૯૩.૬૪ ચો.મી. | આરોપી રમણભાઈ કરશનભાઈ નાયીના પત્ની તેજલબેન રમણભાઈ નાયી, રહે- ૬૩, સુરજપાર્ક સોસા., ઓકશન રોડ, બરફની ફેક્ટરી પાસે, પાલનપુર, જિ. બનાસકાંઠા | રૂ.૬,૦૦,૦૦૦/- | રૂ.૬૦,૦૦,૦૦૦/- | આરોપી રમણભાઈ કરશનભાઈ નાયીના પત્ની તેજલબેન રમણભાઈ નાયીના નામે છે. | |
| ૨ | કસ્બે ઉંઝા, તાલુકે ઉંઝા, જિ. મહેસાણાના ગામની સીમના સર્વે નં.૭૪૩, ૭૪૪/૩, ૭૪૫/૧ વાળી જમીન ટી.પી. સ્કીમ નં.૫ ના ફા.પ્લોટ નં.૨૭૩ માં એન. એ ની | આરોપી મોતીસંગ માનસંગ દરબાર, રહે-એંદલા, તા.બેચરાજી, જિ.મહેસાણા | રૂ.૧૮,૩૦,૦૦૦/- | રૂ.૪૦,૦૦,૦૦૦/- | આરોપી મોતીસંગ માનસંગ દરબારના નામે છે. | મિલ્કત તા.૧૦/૦૫/૨૦૧૮ ના રોજ જાહેર હરાજીથી ખરીદ કરેલ છે. |

| અ. નં. | મિલકતનું વર્ણન | મિલ્કત ટાંચમાં લેવાની થાય તે વ્યક્તિ/સંસ્થા/પેઢીનું નામ | ખરીદી મુજબ કિંમત | હાલની માર્કેટ ખરીદી મુજબ અંદજે કિંમત | મિલ્કતના હાલના કબજેદારનું નામ | રીમાકર્સ |
|---|---|---|---|---|---|---|
| | પરવાનગી લગત મંજૂર થયેલા નકશામાં જણાવ્યા પ્રમાણે ગાળા નં.૭૫, ૭૬ ના બ્લોકમાં આથમણી દિશા તરફનો ગાળા નં.૭૫ વાળો તે પૈકીનો દક્ષીણ દિશાના ૧/૨ (અડધા) ભાગનો ગાળો ઉતરાદી મોવાળનો જે ચો.મી ૮૬-૧૦ નો છે. તે પૈકી ઉ.દ.મીટર ૫૧૮ ને પૂ.પ. મીટર-૭-૭૭ નો ચો.મી.૪૦-૨૫ અને તેની સાથેની પશ્ચિમ અને દક્ષિણની મળી ૪૫-૮૫ ચો.મી. ની ખુલ્લી જમીન.<br>મિલ્કતનું ક્ષેત્રફળ: ૮૬.૧૦ ચો.મી | | | | | |
| ૩ | ડિસ્ટ્રીક્ટ મહેસાણા સબ ડિસ્ટ્રીકટ કડીના મોજે નાનાકડી ગામની સીમની રહેણાંક હેતુ સારૂ બિનખેતી ઉપયોગની ર.સર્વે નં.૧૬૬ (જુનો રે.સર્વે નં.૭૧૭) ની જમીનમાં આવેલ:" અશોક વાટીકા" સોસાયટીના નામથી ઓળખાય છે તે જમીનમાં આવેલ રહણાંક પ્લોટ નં.૧ (એક) જેનો રહેણાંક પ્લોટ નં.૫૮ મકાન બાંધકામ સાથેની મિલ્કત.<br>મિલ્કતનું ક્ષેત્રફળ: ૮૬.૧૧ ચો.મી | ગીતાબેન હર્ષદભાઈ જાની,<br>રહે-ખાંબલિયા,<br>રબારી વાસ,<br>ગામ-વિઠ્ઠલાપુર,<br>તા.માંડલા,<br>જિ. અમદાવાદ | રૂ.૫,૨૦,૦૦૦/- | રૂ.૪૫,૦૦,૦૦૦/- | આરોપી ગીતાબેન હર્ષદભાઈ જાનીના નામે છે. | |

| અ. નં. | મિલકતનું વર્ણન | મિલ્કત ટાંચમાં લેવાની થાય તે વ્યક્તિ/સંસ્થા/પેઢીનું નામ | ખરીદી મુજબ કિંમત | હાલની માર્કેટ ખરીદી મુજબ અંદજે કિંમત | મિલ્કતના હાલના કબજેદારનું નામ | રીમાર્ક્સ |
|---|---|---|---|---|---|---|
| ૪ | ધાંગધ્રા નગર પાલિકાની હદમાં આવેલ નગર પાલિકા સામે "જીલ હાઉસ" તરીકે ઓળખાતા કોમર્શિયલ કોમ્પલેક્ષના ધાંગધ્રા સીટી સર્વે વોર્ડ નં.૧, સર્વે નં.૬૧૭ ના ફર્સ્ટ ફ્લોર પર આવેલ દુકાન નં.૩ તથા દુ.કા.નં.૪ વાળી મિલ્કત. મિલ્કતનું ક્ષેત્રફળ: ૩૬.૫૪ ચો.મી | આરોપી રમણભાઈ કરશનભાઈ નાયીએ જયેશભાઈ ભીખાભાઈ પટેલ, રહે-૪૭, શક્તિનગર સોસાયટી, બેચરાજી, જિ. મહેસાણાના નામે ખરીદ કરેલ છે. કે જેઓ આરોપી કંપનીના ભાગીદાર હતાં. | રૂ.૧૦,૦૦,૦૦૦/- | રૂ.૪૫,૦૦,૦૦૦/- | જયેશભાઈ ભીખાભાઈ પટેલના નામે છે. | |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**ડૉ. હર્ષિત ગોસાવી,**

સરકારના અધિક સચિવ.

----------



Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2026.03.20 21:40:08 IST